ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# જામનગર જિલ્લાના ઔદ્યોગીક માળખાનો પરિચય

વડગામા ક્રિષ્ના મુકેશભાઈ

PH.D Scholar,

Department of Economics,

(MKBU), ભાવનગર

## સારાંશ

ઉદ્યોગ ક્ષેત્ર અર્થતંત્રનો પાયો હોવાથી તેથી તેનો વિકાસ ખુબ મહત્વનો છે. સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગો ઉદ્યોગ ક્ષેત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે. જામનગર જિલ્લામાં સૂક્ષ્મ, નાના, મધ્યમ અને મોટા ઉદ્યોગોનું પ્રમાણ નોંધપાત્ર હોવાથી આ ઉદ્યોગોનો પરિચય મેળવવો આવશ્યક છે.

## મહત્વના શબ્દો – ઔદ્યોગીક માળખું

## પ્રસ્તાવના

સામાન્ય અર્થમાં કોઈ વસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કરતાં પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહી શકાય કે જે દેશના વિકાસમાં ખુબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. ઉદ્યોગ ક્ષેત્ર દેશની રોજગારીમાં 24.2%(2011-12) હિસ્સો ધરાવે છે અને દેશની GDPમાં 29.02%(2016) ફાળો રહેલો છે. ગુજરાત રાજ્યના જામનગર જિલ્લામાં વિવિધ ઉદ્યોગો સ્થપાયેલા છે. જેમ કે રિલાયન્સ, દિગ્વિજય સિમેન્ટ, જી. એસ. એફ. સી., મીઠા ઉદ્યોગ, ઓઇલ મિલ, પરંપરાગત બાંધણી ઉદ્યોગ અને બ્રાસ પાર્ટ ઉદ્યોગ કે જે સમગ્ર દેશની 70%બ્રાસપાર્ટની માંગ સંતોષે છે. આ ઉદ્યોગ રોજગારીમાં મોટો ફાળો આપે છે. તેથી તેનું મહત્વ વિશેષ રહેલું છે.

## સંદર્ભ સાહિત્ય

(1) ખખ્ખર અને ચૌહાણ (૨૦૧૮)ના સંશોધન લેખ A Study of Bandhani Making in Jamnagar District માં સંશોધકનો મુખ્ય ઉદ્દેશ બાંધણી નિર્માણની પ્રક્રિયાનો અભ્યાસ કરવાનો છે. બાંધણી એ પરંપરાગત હસ્તકળા છે જેને વિવિધ ભાતો અને વિવિધ રંગો દ્વારા બનાવવામાં આવે છે. બાંધણી નિર્માણનું કામ સૌરાષ્ટ્રના અન્ય શહેરો કરતાં જામનગરમાં વધુ પ્રમાણમાં થાય છે. જામનગરની બાંધણી ગુજરાતમાં તેમજ સમગ્ર ભારતમાં અને વિશ્વભરમાં પ્રખ્યાત છે. જામનગર સિવાય બાંધણી કચ્છ, રાજસ્થાન તથા

ભારતના અન્ય રાજ્યોમાં પણ બનાવવામાં આવે છે. ખાસ કરીને જામનગર લાલ બાંધણી માટે પ્રખ્યાત છે. બાંધણીના વિવિધ રંગો જીવન નો ઉત્સાહ પ્રગટ કરે છે તેને સ્ત્રીત્વ પ્રેમની પરાકાષ્ઠા અને લગ્નજીવનના આનંદનું પ્રતિક ગણવામાં આવે છે. જામનગરમાં બધા હુન્નરો કરતા બાંધણી કામમાં વધારે લોકો રોકાયેલા છે. આ ઉદ્યોગ જામનગર જિલ્લામાં ગામેગામ પથરાયેલો છે. જેમાં હિંદુ મુસ્લિમ બન્ને કોમ તેમાં સંકળાયેલી છે. આ કામ મુખ્યત્વે સ્ત્રી દ્વારા કરવામાં આવે છે. બાંધણી બનાવટની પ્રક્રિયામાં વિવિધ તબક્કામાં તેનું ઉત્પાદન થાય છે જેના કારણે ઉત્પાદનની પ્રક્રિયામાં રોકાયેલ દરેક કારીગરને રોજગારી મળે છે જે આર્થિક રીતે ખૂબ જ સારી બાબત ગણાવી શકાય.

(2) Study of Marketing challenges faced by Extrusion companies in Brass Parts Industry નામના સંશોધન પેપરમાં સંશોધકે બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગમાં એક્સટ્રેઝન કંપનીઓ દ્વારા સામનો કરવામાં આવતા માર્કેટિંગ પડકારોનો અભ્યાસ વિશે વિગતે ચર્ચા કરી છે. પ્રસ્તુત સંશોધનમાં બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગમાં પસંદ કરેલ એક્સટ્રેઝન કંપનીઓ દ્વારા કરવામાં આવતા માર્કેટિંગ પડકારો શોધવા અને માર્કેટિંગ પડકારોને દુર કરવાના પગલા સૂચવવા એ હેતુ રહેલ છે.

VIDHYAYANA

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં ૨૫ નમૂનાની બિન સંભાવ્ય નમૂના પદ્ધતિમાંની આનુષંગિક નમૂના પદ્ધતિની પસંદગી કરવામાં આવેલ છે. સંશોધનમાં પ્રાથમિક માહિતી માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ગૌણ માહિતીમાં સંશોધન પેપર અને સંલગ્ન પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવેલ છે અને પ્રસ્તુત સંશોધન જામનગરના બ્રાસ પાર્ટ્સ ઉદ્યોગમાં પસંદ થયેલ ૨૫ એક્સટ્રેઝન કંપનીઓ દ્વારા સામનો કરવામાં આવતા માર્કેટિંગ પડકારોનો અભ્યાસ કરવા સુધી મર્યાદિત છે.

પ્રસ્તુત સંશોધનમાં જોવા મળ્યું કે ૫૬% માલિકો સહમત છે કે કંપની માટે ગુણવત્તા જાળવવી એ એક પડકાર છે. ૭૬% બહુમતીમાં જાણ્યું કે ડિફોલ્ટ કંપની માટે ચુકવણી એ એક પડકાર છે અને ૮૪%

બહુમતીમાં જાણવા મળ્યું કે મજુર બળ જાણવણી એ એક પડકાર છે. મોટાભાગની કંપનીઓએ તે સંમતી આપી છે કે પ્રમોશનલ પ્રવૃતિઓથી તેમનું વેચાણ વધ્યું છે.

## સંશોધનનાં હેતુઓ

- જામનગર જિલ્લાના ઔદ્યોગિક માળખાનો અભ્યાસ કરવો.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ તથા ગોણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન

- જામનગર જિલ્લાનું ઔદ્યોગિક માળખું

(i) MSME Act 2006

ભારતમાં એક્ટ 2006 અંતર્ગત ઉદ્યોગોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા ઉદ્યોગ શબ્દના સ્થાને એન્ટરપ્રાઈસ શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ એન્ટરપ્રાઇસને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે. જેમાં

(1) મેન્યુફેક્ચરિંગ એકમો

(2) અન્ય સેવ પૂરી પડતા એકમો

મેન્યુફેક્ચરિંગ એન્ટરપ્રાઈસને પ્લાન્ટ અને મશીનરી (જમીન અને મકાનને બાદ કરતાં)ના રોકાણના સંદર્ભમાં 3 કેટેગરીમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે અને સર્વિસ એન્ટરપ્રાઇસને તેમના રોકાણના સંદર્ભમાં 3 કેટેગરીમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

| ક્રમ | ઉદ્યોગ | મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે કામ કરતાં | વિવિધ સેવા પૂરી પાડતા ઉદ્યોગ |
|---|---|---|---|
| 1 | નાના | 25 લાખ થી 5 કરોડ | 10 લાખ થી 2 કરોડ |
| 2 | મધ્યમ | 5 કરોડ થી 10 કરોડ | 2 કરોડ થી 5 કરોડ |
| 3 | મોટા | 10 કરોડ થી વધુ | 5 કરોડ થી વધુ |
| ૪ | અતિ નાના | 25 લાખ | 10 લાખ |

(Source – MSME Survey Report of Jamnagar District)

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી પ્રાપ્ત માહિતી મુજબ ઉદ્યોગની વિગતો નીચે આપેલા કોષ્ટક દ્વારા આપવામાં આવી છે,જે 2જી ઓકટોબર, 2006થી એમ.એસ.એમ.ઇ. વિકાસ અધિનિયમ લાગુ કર્યા પછીની ઉદ્યોગની નોંધણી બાદની વિગત દર્શાવે છે.

(ii) ઔદ્યોગિક આંકડાઓ : સૂક્ષ્મ, નાના અને મધ્યમ એન્ટરપ્રાઇસ

(1) સૂક્ષ્મ એકમો

| Year | No. of Regd.Units | Investment Rs.In Lacs | Employment |
|---|---|---|---|
| 2006-2007 | 79 | 899.93 | 683 |
| 2007-2008 | 256 | 4412.58 | 2538 |
| 2008-2009 | 388 | 5603.99 | 3157 |
| 2009-2010 | 436 | 7937.90 | 3380 |
| 2010-2011 | 647 | 8295.70 | 3849 |
| 2011-2012 | 766 | 12550.91 | 8601 |
| 2012-2013 | 1074 | 17584.02 | 7389 |
| 2013-2014 | 858 | 8997.08 | 5098 |
| 2014-2015 | 884 | 7432.19 | 4834 |
| 2015-2016 | 446 | 3248.71 | 2511 |
| TOTAL | 5834 | 76963.01 | 42040 |

VIDHYAYANA

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

(Source – MSME Survey Report of Jamnagar District)

ઉપરોક્ત કોષ્ટકમાં જામનગર જિલ્લામાં સૂક્ષ્મ ઉદ્યોગનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ દરમિયાન નોંધાયેલા એકમો, તેમાં થયેલ વર્ષવાર મૂડીરોકાણ અને રોજગારીનું પ્રમાણ દર્શાવવામાં આવેલ છે. કોષ્ઠક માં આપણે જોઈ શકીએ છીએ કે ૨૦૦૬-૦૭ માં ૭૯ એકમો નોંધાયા છે અને તેમાં ૮૯૯.૯૩ લાખ નું મૂડીરોકાણ કરવામાં આવેલ હતું અને તેમાંથી ૬૮૩ રોજગારી પ્રાપ્ત થતી હતી. વર્ષ ૨૦૧૨-૧૩ માં સૌથી વધારે ૧૦૭૪ એકમો નોંધાયેલા છે અને તેમાં ૧૭૫૮૪.૦૨ લાખનું મૂડીરોકાણ કરવામાં આવેલ છે અને ૭૩૮૯ રોજગારી પ્રાપ્ત થતી હતી. આમ આ વર્ષમાં સૌથી વધારે એકમો અને મૂડીરોકાણ જોવા મળ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬ માં ૪૪૬ એકમો નોંધાયેલા હતા અને ૩૨૪૮.૭૧ લાખનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું અને ૨૫૧૧ જેટલી રોજગારી પ્રાપ્ત થયેલ હતી. આમ વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ માં કુલ ૫૮૩૪ એકમો નોંધાયેલ હતા અને ૭૬૯૬૩.૦૧ લાખનું મૂડીરોકાણ થયેલ હતું અને કુલ ૪૨૦૪૦ રોજગારી પ્રાપ્ત થયેલ હતી. આમ આપણે કહી શકીએ કે આ વર્ષોમાં જામનગરમાં સૂક્ષ્મ ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ઝડપી થયેલ છે.

VIDHYAYANA

## (2) નાના એકમો

| Year | No. of Regd.Units | Investment Rs.In Lacs | Employment |
|---|---|---|---|
| 2006-2007 | 16 | 2344.37 | 391 |
| 2007-2008 | 57 | 11907.61 | 2250 |
| 2008-2009 | 41 | 4087.50 | 959 |
| 2009-2010 | 46 | 5132.00 | 1106 |
| 2010-2011 | 51 | 5940.99 | 1073 |
| 2011-2012 | 53 | 9420.59 | 1181 |
| 2012-2013 | 66 | 10692.40 | 1048 |
| 2013-2014 | 89 | 15127.57 | 1360 |
| 2014-2015 | 62 | 7725.15 | 17061 |

| | | | |
|---|---|---|---|
| 2015-2016 | 26 | 4823.93 | 762 |
| TOTAL | 507 | 77202.11 | 27191 |

(Source – MSME Survey Report of Jamnagar District)

ઉપરોક્ત કોષ્ટકમાં જામનગર જિલ્લામાં નાના ઉદ્યોગનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ દરમિયાન નોંધાયેલા એકમો, તેમાં થયેલ વર્ષવાર મૂડીરોકાણ અને રોજગારીનું પ્રમાણ દર્શાવવામાં આવેલ છે. કોષ્ઠક માં આપણે જોઈ શકીએ છીએ કે ૨૦૦૬-૦૭ માં ૧૬ એકમો નોંધાયા છે અને તેમાં ૨૩૪૪.૩૭ લાખ નું મૂડીરોકાણ કરવામાં આવેલ હતું અને તેમાંથી ૩૯૧ રોજગારી પ્રાપ્ત થતી હતી. વર્ષ ૨૦૧૧-૧૨ માં ૫૩ એકમો નોંધાયેલા છે અને તેમાં ૯૪૨૦.૫૯ લાખનું મૂડીરોકાણ કરવામાં આવેલ છે અને ૧૧૮૧ રોજગારી પ્રાપ્ત થતી હતી. જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬ માં ૨૬ એકમો નોંધાયેલા હતા અને ૪૮૨૩.૯૩ લાખનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું અને ૭૬૨ જેટલી રોજગારી પ્રાપ્ત થયેલ હતી. આમ વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ માં કુલ ૫૦૭ એકમો નોંધાયેલ હતા અને ૭૭૨૦૨.૧૧ લાખનું મૂડીરોકાણ થયેલ હતું અને કુલ ૨૭૧૯૧ રોજગારી પ્રાપ્ત થયેલ હતી. આમ આપણે કહી શકીએ કે આ વર્ષોમાં જામનગરમાં નાના ઉદ્યોગનો વિકાસ સારો એવો થયેલ છે.

VIDHYAYANA

### (3) મધ્યમ એકમો

| Year | No. of Regd.Units | Investment Rs.In Lacs | Employment |
|---|---|---|---|
| 2006-2007 | 1 | 1416.00 | 36 |
| 2007-2008 | 0 | 0.00 | 0 |
| 2008-2009 | 0 | 0.00 | 0 |
| 2009-2010 | 2 | 605.00 | 877 |
| 2010-2011 | 12 | 7489.00 | 84 |
| 2011-2012 | 3 | 2536.00 | 52 |

| | | | |
|---|---|---|---|
| 2012-2013 | 10 | 7167.00 | 50 |
| 2013-2014 | 4 | 3987.00 | 26 |
| 2014-2015 | 1 | 649.00 | 1 |
| 2015-2016 | 1 | 580.90 | 16 |
| TOTAL | 34 | 24429.90 | 1142 |

(Source – MSME Survey Report of Jamnagar District)

ઉપરોક્ત કોષ્ટકમાં જામનગર જિલ્લામાં મધ્યમ ઉદ્યોગોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ દરમિયાન નોંધાયેલા એકમો, તેમાં થયેલ વર્ષવાર મૂડીરોકાણ અને રોજગારીનું પ્રમાણ દર્શાવવામાં આવેલ છે. કોષ્ઠક માં આપણે જોઈ શકીએ છીએ કે ૨૦૦૬-૦૭ માં ૧ એકમ નોંધાયેલ છે અને તેમાં ૧૪૧૬.૦૦ લાખ નું મૂડીરોકાણ કરવામાં આવેલ હતું અને તેમાંથી ૩૬ રોજગારી પ્રાપ્ત થતી હતી. વર્ષ ૨૦૧૦-૧૧ માં સૌથી વધારે ૧૨ એકમો નોંધાયેલા છે અને તેમાં ૭૪૮૯.૦૦ લાખનું મૂડીરોકાણ કરવામાં આવેલ છે અને ૮૪ રોજગારી પ્રાપ્ત થતી હતી. આમ આ વર્ષમાં સૌથી વધારે એકમો અને મૂડીરોકાણ જોવા મળ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬ માં ૧ એકમો નોંધાયેલા હતા અને ૫૮૦.૯૦ લાખનું મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું અને ૧૬ જેટલી રોજગારી પ્રાપ્ત થયેલ હતી. આમ વર્ષ ૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬ માં કુલ ૩૪ એકમો નોંધાયેલ હતા અને ૨૪૪૨૯.૯૦ લાખનું મૂડીરોકાણ થયેલ હતું અને કુલ ૧૧૪૨ રોજગારી પ્રાપ્ત થયેલ હતી. આમ આપણે કહી શકીએ કે આ વર્ષોમાં જામનગરમાં મધ્યમ ઉદ્યોગનો વિકાસ પણ થયેલ જોવા છે.

## તારણો

ઉપરોક્ત માહિતી પરથી જાણી શકાય કે સૂક્ષ્મ, નાના અને મધ્યમ એકમોમાં મૂડીરોકાણ તથા રોજગારી વર્ષ 2006-2007 થી 2015-2016 સુધીમાં વધવા પામી છે જે સારી બાબત ગણાવી શકાય.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

## સંદર્ભ સૂચિ

Faldu, R. (2018, June). Study Of Marketing Challenges Faced by Extrusion Companies in Brass Part Industry. *Indian Journal of Research, 7*(6), 113-115.

Khakhar, M., & Chauhan, F. (2018, March). A Study of Bandhani Making In Jamnagar District. *Reviews of Literature, 5*(8), 1-5.

India, G. o. (2016-17). *District Industrial Potential Survey Report of Jamnagar District.* Ahmedabad: Government of India.